# ભિક્ષુક રૂપે

જગતનો નાથ તો અત્રતત્ર સર્વત્ર છે. તે દિવ્ય, અલૌકિક અને અગોચર છે પણ એને જોવાની, સમજવાની, જાણવાની મનુષ્યની શકિત નથી. પણ એ, એને શરણે જનાર તમામને જુએ છે, સાંભળે છે અને સહાય પણ કરે જ છે. અરે, શરણે જનારને જ નહીં એ તો તમામનું ધ્યાન રાખે છે. જગતનો નાથ છે ને! સર્વશકિતમાન છે. ભક્તની વહારે એ જાય છે, જાય છે ને જાય છે જ છે એમાં કોઇ શંકા નથી.

એક પ્રસંગ સાંભળેલો તે યાદ આવ્યો એટલે એ અત્રે રજૂ કરું છું.

એક મહિલા કૃષ્ણભક્ત હતી. એ સતત કૃષ્ણનું સ્મરણ કરતી, છતાં તેના જીવનમાં અભાવો,



ઉપાધિઓનો પાર નહોતો. એ વિચારતી કે હું આટલું બધું કૃષ્ણને યાદ કરું છું છતાં કાનો મારું કેમ સાંભળતો નથી? મારી સાથે જ કેમ આવું થાય છે? મેં તો કદી કોઇનું બગાડયું નથી. કોઇનું ખરાબ કરવાનો કે ખરાબ થાય એવો વિચાર સુદ્ધાં નથી કર્યો. બસ, મારે તો કૃષ્ણ જ સર્વસ્વ છે. સમર્પણની આ ભાવના છતાં એ મહિલાના જીવનમાં ઉપાધિ, નિષ્ફળતા કેડો છોડતી નહોતી. એક દિવસ ઘરમાં કોઇ નહોતું. વિચારોના વંટોળમાં તે અટવાઇ ગઇ હતી. નિરાશામાં તે ડૂબી ગઇ હતી. તેણે આત્મહત્યા કરવાનો વિચાર કર્યો. આથી તેણે દુપટ્ટો લીધો. એક છેડો પંખાની પાંખ પર બાંધ્યો અને બીજો છેડો તેણે તેના ગળામાં બાંધ્યો. બે હાથ જોડી તેણે પ્રાર્થના કરી કે હે જગન્નાથ, હું હારી ને થાકી ગઇ છું. મારું જીવન ટુંકાવી હું હંમેશને માટે તારા શરણમાં આવી રહી છું. તું મને તારા શરણમાં લેવા કૃપા કરજે.

અચાનક ડોરબેલ વાગ્યો. તે ટેબલ પરથી નીચે ઊતરી. ગળામાંથી દુપટ્ટો કાઢયો અને બારણું ખોલ્યું. સામે એક ક્ષુધાતુર ભિક્ષુક ઊભો હતો. તેણે આ મહિલાને કહ્યું કે, ‘‘મેં બે દિવસથી કંઇ ખાધું નથી.મને બહુ ભૂખ લાગી છે. મને ખાવાનું આપો’’. પેલી મહિલાએ એક ડીશમાં શાક-રોટલી આપ્યાં. પેલો ભિક્ષુક ખાવા લાગ્યો. તે તેને જોઇ રહી. ભિક્ષુકે કહ્યું, ‘‘બહેન, તારું બધું સારું જ થશે.’’ બહેને કહ્યું, ‘‘ભાઈ,શું સારું થશે? મારા જીવનમાં ઉપાધિઓ, વિષમતાનો પાર નથી અને તમે કહો છો સારું થશે’’. ભિક્ષુકે કહ્યું:‘‘બહેન, ઘણી વાર પરમાત્મા આપણું વધારે સારું કરવા ઈચ્છતા હોવાથી આપણા જીવનમાં વિપત્તિઓ સતત આવ્યા કરે છે. આથી તું મુંઝાઇશ નહીં. નિરાશ નહીં થઇશ. પરમાત્મા તને સહાય કરશે જ.’’ આમ કહી ભિક્ષુકે પાણી માગ્યું. મહિલા અંદર પાણી લેવા ગઈ. તેણે મનોમન વિચાર્યું કે સાચે જ પરમાત્માએ મારા માટે કંઇક જુદું જ ધાર્યું લાગે છે. આમ પળભરમાં જે મહિલા આત્મહત્યા કરવા જઇ રહી હતી તે જ મહિલાના વિચારો આપોઆપ બદલાઇ ગયા. તે પાણી લઇને બહાર આવી ને જોયું તો પેલો ભિક્ષુક ચાલ્યો ગયો હતો. એ જયાં બેઠો હતો તે ઓટલા પર, તે જગ્યાએ ‘શ્રીમદ્ ભગવદ્ગીતા’ પુસ્તક પડયું હતું.

તેને થયું, સાચે જ જગન્નાથ આવીને મારા હાથે ખાઈને અંતર્ધાન થઇ ગયા. હું એમને ઓળખી ન શકી. તેણે મનોમન કૃષ્ણનો આભાર માન્યો.

કહેવાનું તાત્પર્ય એ છે કે ઈશ્વર અંતર્યામી છે. સર્વશક્તિમાન છે. સર્વવ્યાપી છે. તે તો સૌનું કલ્યાણ કરે છે. આ સૃષ્ટિના એ દિવ્ય સ્રષ્ટા પ્રાણી માત્રનો ખ્યાલ રાખે છે. તો આપણો કેમ ખ્યાલ નહીં રાખે? કેટલીક વાર આપણું અમુક કાર્ય સફળ નથી થતું તો તેની પાછળ ઈશ્વરનો કોઈક સંકેત હોય છે. આપણી અમુક ઈચ્છાઓ, કાર્યો આપણે સાકાર કરવા પ્રયત્ન કરીએ છીએ પણ એમાં પાછાં જ પડીએ છીએ કારણ કે તે આપણા હિતમાં નથી હોતાં. ઈશ્વરને એનો ખ્યાલ હોય છે અને તેથી આપણી ઈચ્છાઓ, કાર્યો સાકાર નથી થતાં. આથી ગમે તેવી વિકટ પરિસ્થિતિમાં પણ જગન્નાથનો સાથ સ્મરણ કદી પણ છોડવાં નહીં. કૃષ્ણે કહ્યું છે, ‘‘જે થાય છે તે સારા માટે, જે થયું તે સારા માટે, જે થશે તે પણ સારા માટે’’. ભગવદ્ ગીતાનું વાચન, મનન,ચિંતનથી આપણને બળ મળે છે. રસ્તો જડે છે. શાંતિ મળે છે.

> ઇશ્વર અંતર્યામી છે. સર્વશક્તિમાન છે. સર્વવ્યાપી છે. તે તો સૌનું કલ્યાણ કરે છે. આ સૃષ્ટિના એ દિવ્ય સ્રષ્ટા પ્રાણી માત્રનો ખ્યાલ રાખે છે. તો આપણો કેમ ખ્યાલ નહીં રાખે? કેટલીક વાર આપણું અમુક કાર્ય સફળ નથી થતું તો તેની પાછળ ઇશ્વરનો કોઇક સંકેત હોય છે

મહાભારતના યુદ્ધમાં અર્જુનનો વિષાદ વૈશ્વિક છે. કૃષ્ણે તેને આપેલો ઉપદેશ પણ વૈશ્વિક છે. આ પ્રસંગમાં ભગવદ્ ગીતા મૂકી જનાર કૃષ્ણનો કહેવાનો આશય પણ એ જ છે કે મૂંઝવણની ક્ષણોમાં ગીતા વાંચો. આત્મહત્યાની ક્ષણે એ મહિલાએ પ્રાર્થના કરી અને ભિક્ષુકના રૂપે જગન્નાથ આવ્યા. ખાવાનું માંગ્યુ અને એના હાથે ખાઈને તૃપ્ત થઈને ગયા.

**માધવ મલ્હાર**
**તપન ત્રિવેદી**

આમ ભગવાન છે. એ આવે છે. જુએ છે, સાંભળે છે. આપણને રસ્તો પણ બતાવે છે. આપત્તિઓમાંથી ઉગારે છે. અહીં આત્મહત્યામાંથી મહિલાને ઉગારવા કૃષ્ણ સ્વયં પધાર્યા. પધાર્યા એટલું જ નહીં ભગવદ્ ગીતાનું માર્ગદર્શન પણ આપીને ગયા. સૌ વાચકોને એટલી જ વિનંતી કે માધવને ભૂલશો નહીં. હારી જવાની છેલ્લામાં છેલ્લી ક્ષણ સુધી ભૂલશો નહીં. એ મલ્હાર બનીને તમારા જીવનને આર્દ્ર કરી દેશે. માધવ જરૂર આવે છે. આવશે જ મલ્હાર બનીને.



# એ બે એક સ્વરૂપ અંતર નવ ધરશો

‘શિવાય વિષ્ણુ રુપાય શિવ રુપાય વિષ્ણવે, શિવસ્ય હૃદયં વિષ્ણુઃ વિષ્ણોશ્ચ હૃદયં શિવઃ’ શિવ અને કેશવ તત્વ એક જ છે. શાસ્ત્ર અને પુરાણો મુક્ત કંઠે કહે છે કે, એ બંનેમાં ભેદભાવ જોવા એ મહા અપરાધ છે. વિષ્ણુના સાક્ષાત અવતાર શ્રી રામચંદ્રજી એ રામેશ્વર નામે પુણ્ય સ્થળ પર શિવલિંગની પ્રતિષ્ઠા કરી, અર્ચના કરી હતી. રામાવતારના સમયે શિવજીએ અનેક રૂપોમાં આવીને રામના દર્શન કર્યા હતા. એ જ રીતે કૃષ્ણાવતારના સમયે પણ શિવજીએ શ્રીકૃષ્ણના દર્શન કર્યા હતા. કૃષ્ણ જન્મભૂમિ મથુરામાં આવેલા શિવ મંદિરો ભૂતેશ્વર, કામેશ્વર, ગોપેશ્વર, ચકલેશ્વર જે વ્રજના કોટવાલ ગણાય છે, તે સાથે શ્રીકૃષ્ણ દર્શનની વાતો સંકળાયેલી છે. ‘કબીર કુવા એક હૈ, પાની ભરે અનેક, બર્તન મેં હી ભેદ હૈ, પાની સબ મે એક.’ પાણીના રૂપકથી કબીર સાહેબે પરમાત્માની એકરૂપતા દર્શાવી છે.

> ‘કબીર કૂવા એક હૈ, પાની ભરે અનેક, બર્તન મેં હી ભેદ હૈ, પાની સબ મેં એક.’ પાણીના રૂપકથી કબીરે પરમાત્માની એકરૂપતા દર્શાવી છે. વિષ્ણુ અને શિવના સૌથી પ્રસિદ્ધ નામ ‘હરિ’ અને ‘હર’ છે. એ બંનેની સંસ્કૃત ભાષાની મૂળ વ્યુત્પત્તિથી એક જ અર્થ થાય છે. ‘ચોરી લેનાર’, ‘હરણ કરનાર’

આપણા આદ્યકવિ શ્રી નરસિંહ મહેતાએ પણ ‘ઘાટ ઘડિયા પછી નામ રૂપ જુજવા, અંતે તો હેમનું હેમ હોય.’ નરસિંહ મહેતાએ પણ પરમાત્માની એકરૂપતા સોનાંના ઘરેણા સાથે સરખાવી સોનું તો એક જ છે માત્ર ઘરેણાં- દાગીનાના ઘાટ-આકાર અલગ અલગ હોય છે.

બ્રહ્મલીન શંકરાચાર્ય પૂ.શ્રી ભારતી કૃષ્ણતીર્થજીએ પણ શાસ્ત્રોક્ત મંતવ્ય વ્યક્ત કર્યા છે. શ્રી વિષ્ણુ અને શ્રી શિવના સૌથી પ્રસિદ્ધ નામ ‘હરિ’ અને ‘હર’ છે. એ બંનેની સંસ્કૃત ભાષાની મૂળ વ્યુત્પત્તિથી એક જ અર્થ થાય છે. ‘ચોરી લેનાર’, ‘હરણ કરનાર’.

**ધર્મ મર્મ**
**શ્રીજીવ વ્યાસ**

પાંડવ ગીતામાં કહ્યું છે કે, ‘નારાયણો નામ નરો નરાણાં પ્રસિદ્ધ ચૌરઃ કથિતઃ પૃથ્વિવ્યામ, અનેક જન્માર્જિંત પાપપુંજં હરસ્યશેષં સ્મરેણન પુંસામ.’ એટલે કે સમગ્ર ભૂમંડળના મનુષ્યોની વચમાં ‘નારાયણ’ નામનો ‘ચોર’ ખૂબ પ્રસિદ્ધ છે, જે મનુષ્યોના હજારો જન્મોનાં કમાયેલા પાપ સંચયને સ્મરણમાત્રથી એકદમ અને નિઃશેષરૂપે ‘ચોરી’ લે છે.

‘શ્રી ગોપાલ સહસ્ત્રનામ’માં ભગવાન શ્રીકૃષ્ણને ‘ચોર શિખામણિ’ જણાવ્યા છે. એ જ રીતે યજુર્વેદની જાણીતી ‘શ્રી રુદ્ર અષ્ટાધ્યાયી’માં તો ભગવાન શિવને ‘સ્તેનાનાં પતિ’ તથા ‘તસ્કરાણાં પતિઃ’કહ્યા છે.

આ તો થઈ હરિ અને હર શબ્દોના અર્થની એકતાની વાત એ જ રીતે શ્રી કાશીજીમાં શ્રી શિવજીનું જે પ્રસિદ્ધ નામ ‘વિશ્વનાથ’ છે અને ઓડિશાના પુરી ધામમાં શ્રીકૃષ્ણનું જે પ્રસિદ્ધ નામ ‘શ્રી જગન્નાથ’ છે એ બંનેનો ‘દુનિયાના માલિક’ એ જ એક અર્થ છે. હરિ અને હરની સમાનતાના સંદર્ભમાં ‘લીલા’ તેના ભક્તોના પાપનું હરણ કરવાની છે. તેના નામ સ્મરણ, ભક્તિથી પાપ મુક્ત થયેલા જીવ-ભક્તોનો ઉદ્ધાર કરવાનો છે. એમ પણ કહી શકાય- જેમ ગૌમાતા પોતાના વાછરડાને ચાટી ચાટીને સ્વચ્છ કરે છે તે રીતે ઈશ્વર પણ પોતાના ભક્તોને પોતાની લીલા દ્વારા, અનુગ્રહ દ્વારા સ્વચ્છ, નિષ્પાપ કરી પોતાના ધામમાં સ્થાન આપે છે.

ભક્તો પોતાની રુચિ, સંસ્કાર, કુળ પરંપરા અનુસાર પોતાના ‘ઈષ્ટદેવ’ને પસંદ કરી તેની ભક્તિ કરે તે સ્વાભાવિક છે અને ઈષ્ટને પોતાના વિશિષ્ટ ગણે એમાં કશું ખોટું નથી પરંતુ એનો અર્થ એવો નથી કે ઈષ્ટ સિવાયના બાકી દેવ, દેવીઓ, સંતોની અવહેલના કરવી, ટીકા કરવી કે ઉતરતા ગણવા. સમયાંતરે અનેક સંપ્રદાયો બનતા જતા ધર્મના મૂળ તત્વ, પ્રયોજન અને રહસ્યને નહીં જાણનાર અથવા તેની અવહેલના કરનારાઓએ હરિ-હર વચ્ચે ભેદની દીવાલ ઊભી કરી અને તે એટલી બધી ચૂસ્ત, સંકુચિત બનાવી કે, શિવજીની સવારી- શોભાયાત્રા નીકળે ત્યારે વિષ્ણુના ભક્તો પોતાના ઘરના દરવાજા બંધ કરી દે અને વિષ્ણુ કે તેના અવતારોની શોભાયાત્રા નીકળે ત્યારે શિવભક્તો પોતાની ગલી, રસ્તાને પાણી છાંટીને પવિત્ર કરી દે. સંકુચિત માનસિકતા ને કારણે હરિ કે હરને કોઈ ફેર નથી પડતો પરંતુ ભેદભાવ રાખનાર ભક્ત જ એકરૂપ પરમાત્માની નજરમાં ઊણો ઊતરે છે.

ભક્તોમાં ખૂબ જ જાણીતા ‘શ્રી વિષ્ણુસહસ્ત્રનામ’માં પણ શિવજીના નામ અનેકવાર આવે છે. શાસ્ત્રોએ, સંતોએ, કવિ ભક્તોએ બંનેની એકરૂપતા દર્શાવતી અનેક રચનાઓ કરી છે જેથી સાંપ્રદાયિક સદભાવ જળવાય તેનું એક ઉત્તમ ઉદાહરણ આપણા સુરતના જ વિદ્વાન ભક્તકવિ શિવાનંદ સ્વામી જેમની રચેલી આરતીઓ દેશ અને વિદેશમાં જાણીતી છે, ગવાય છે. તેમણે રચેલી ‘હરિહરા’ની આરતીના એક પદમાં ‘એ બે એક સ્વરૂપ અંતર નવ ધરશો, ભોળા ભૂધર ને ભજતાં, ભવસાગર તરશો. હરિહરાની આરતી જે ભાવે ગાશે, જે પ્રેમે ગાશે, ભણે શિવાનંદ સ્વામી હરિચરણે જાશે, હર શરણે જાશે... જય હરિહરા.’ ઈદં ન મમ.